# ગ્રંથ સંન્યાસનિર્ણયમાં ફલસંબંધી નિરૂપણ

— અસિત શાહ

**ઉપક્રમ**

સાધનાના ફલ બે પ્રકારના હોઈ શકે છે— એક તો અભિલષિત હોય તે અને બીજા પરિણતિરૂપ. પરિણતિ ક્યારેક સારી હોય તો ય અભિલષિત ન પણ હોય. તો ક્યારેક સાધના ઊંધી દિશા પકડી લે તો પરિણતિ પણ ઊર્ધ્વગતિને ઠેકાણે અધઃપાત હોઈ શકે છે. તેને જ બીજા શબ્દોમાં સ્વાર્થભ્રંશ અને પશ્ચાત્તાપ કહી શકાય. એક સમર્થ આચાર્યથી અનુયાયીને એવી અપેક્ષા રહે કે તેઓ એવો ગતિનિર્દેશ કરે જેનાથી અવળી પરિણતિરૂપ ફળ પ્રાપ્ત ન થતાં અભિલષિત ફળ પ્રાપ્ત થાય.

જેમ ગૃહસ્થિતિપૂર્વક ભગવદ્ભજનવિષયક સર્વાંગી ઉપદેશ શ્રીઆચાર્યચરણે આપેલ છે તેમ ગૃહત્યાગપૂર્વક સંન્યાસ લઈને ભગવદ્ભજન કરવા બાબત આ સંન્યાસનિર્ણય ગ્રંથમાં નિરૂપણ છે. ગ્રંથનું નામ સૂચવે છે તેમ અહીં નિર્ણય આપેલ છે, ચુકાદો આપેલ છે.

સર્વનિર્ણયનિબન્ધના સાધનપ્રકરણમાં ઘરમાં ભજન શક્ય ન હોય તો જે તીર્થાટનપૂર્વક ભજનનિર્વાહનો કલ્પ બતાવેલ છે તે અહીં વર્ણિત ભક્ત્યુત્તર સંન્યાસના કલ્પથી નોખો છે. તીર્થાટન તો પ્રપત્તિ કે મર્યાદામાર્ગીય ભજનરીતિનો આરંભદશાનુરૂપ શાસ્ત્રાનુમોદિત કલ્પ છે. વળી ભક્તિવર્ધિનીમાં આરંભદશામાં ગૃહત્યાગ કરી સેવાકથાપરાયણ ભગવદીયનો યોગ્ય અંતર રાખી સંગ કરવાનો કલ્પ ઉપદેશેલ છે તે ય નોખો છે.

**ગ્રંથશૈલી અને વિષય**

ષોડશગ્રંથો પ્રકરણગ્રંથો છે છતાં ય તેમાં શ્રીઆચાર્યચરણની પ્રતિભાની વિવિધ છટા જોવા મળે છે. જો શ્રીયમુનાષ્ટકમાં પુરાણોને અનુસરતા ભક્તની છટા છે તો બાલબોધમાં સાંખ્યશૈલી જોવા મળે છે. તેમ પુષ્ટિપ્રવાહમર્યાદામાં વ્યાસાનુગામી વેદાંતી ભાષ્યકારની છટા છે તો અહીં એક વિલક્ષણ ન્યાયશૈલી દૃષ્ટિગોચર થાય છે. તે એવી રીતે કે વિહિત હોવાની શાસ્ત્રપ્રામાણ્યવાદીની શાસ્ત્રવચનોપન્યાસની પ્રચલિત શૈલી ન અનુસરતા અહીં નિર્ણય લેવામાં ન્યાયપ્રક્રિયાનો ઉપયોગ કરેલ છે. કારણ એ કે કર્મ-જ્ઞાન-ભક્તિના માર્ગોમાં સંન્યાસ વિહિત છે કે નહીં તેનો શાસ્ત્રવચનોને આધારે નિર્ણય આપવો દુષ્કર છે; બધા માર્ગમાં સંન્યાસ લેવાનું ઉપદેશતા વચનો મળી રહે છે. અહીં તો ''બલવદનિષ્ટાનનુબન્ધિત્વે સતિ ઈષ્ટસાધનત્વે સતિ કૃતિસાધ્યત્વં નામ વિહિતત્વમ્''નો ન્યાયશાસ્ત્રીય માપદંડ નિર્ણય લેવામાટે અપનાવેલ છે. ત્રણ શરતો પૈકી પહેલી બે શરતોમાં જ



કર્માંગ-કર્મોત્તર-જ્ઞાનાંગ-જ્ઞાનોત્તર-ભક્ત્યંગ આટલા સંન્યાસને અહીં ગેરલાયક ઘોષિત કરેલ છે. ભક્ત્યુત્તર સંન્યાસ ત્રીજી શરત કૃતિસાધ્યત્વ માટે ગેરલાયક છે; ''દુર્લભોઽયં પરિત્યાગઃ પ્રેમ્ણા સિધ્યતિ નાન્યથા''. પણ તે તેનું દૂષણ ન હોઈને ભૂષણ છે, કેમકે તેથી ભક્ત્યુત્તર સંન્યાસ રાગતંત્ર કે પ્રેમસ્વભાવતંત્ર સિધ્ધ થાય છે, પુરુષતંત્ર નહીં. આમ ત્રીજી શરતની ઉપેક્ષા કરી પહેલી બે શરતોમાં સુપેરે પાર ઉતરતો હોવાથી ભક્ત્યુત્તર સંન્યાસ વિહિત તેમ જ પ્રશસ્ત છે તેવો નિર્ણય આપેલ છે.

આઠ ટીકાકારોના શબ્દોમાં સરળતાથી સમજવું હોય તો કયા માર્ગમાં સંન્યાસ લેવો કે ન લેવો, ક્યારે લેવો, કેવી રીતનો લેવો, કયા પ્રયોજનથી એટલે કે શા માટે લેવો તથા લીધા પછી કેવી દશા / સિધ્ધિ પ્રાપ્ત થાય તેનો અહીં નિર્ણય કરેલ છે.

**ગ્રંથ અને સાધનાની સંગતિ**

ષોડશગ્રંથસંગતિમાં ૧૪મો સંન્યાસનિર્ણય પંચપદ્યાનિ અને નિરોધલક્ષણની વચ્ચે આવે છે તે બાબત હવે વિચારીએ. પૂર્વેના ચતુશ્લોકી અને ભક્તિવર્ધિનીમાં સર્વભાવથી સર્વદા સેવા-કથામય ભગવદ્ભજન કરવાનું ઉપદેશેલ છે. સેવાવિષયકવિચાર તે પૂર્વેના સિધ્ધાન્તમુક્તાવલી અને સિધ્ધાન્તરહસ્યમાં કરેલ છે તેથી ભક્તિવર્ધિની પછીના જલભેદ અને પંચપદ્યાનિમાં કથાવિષયકવિચાર છે. પંચપદ્યાનિમાં કનિષ્ઠ શ્રોતાના લક્ષણો બતાવતાં શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે ''નિઃસન્દિગ્ધં કૃષ્ણતત્ત્વં સર્વભાવેન યે વિદુઃ, તે ત્વાવેશાત્ તુ વિકલા નિરોધાદ્ વા ન ચાન્યથા, પૂર્ણભાવેન પૂર્ણાર્થા કદાચિત્ ન તુ સર્વદા''. આમાં પૂર્વોક્ત ગ્રંથોમાં વર્ણિત સર્વભાવને અહીં સાધનાની ઉત્તરાવસ્થામાં પૂર્ણભાવ પર ન્યોછાવર કરી પૂર્ણભાવની પ્રાપ્ત્યર્થે આવેશની અને નિરોધની એવી બે પ્રક્રિયાનો નિર્દેશ કર્યો છે. તે પૈકી આવેશની પ્રક્રિયા સંન્યાસનિર્ણયમાં અને નિરોધની પ્રક્રિયા નિરોધલક્ષણમાં વિસ્તારપૂર્વક સમજાવેલ છે.

સર્વભાવ અને પૂર્ણભાવ આમ જોઈએ તો એક નિરુપાધિક ભક્તિભાવની જ પૂર્વાવસ્થા અને ઉત્તરાવસ્થા છે, પણ સર્વ અને પૂર્ણ એ વિશેષણો તેમના વિશિષ્ટ ભાવને નોખા કરી દે છે. સર્વભાવ વ્રજાધિપના સર્વાંગી ભજનને અનુરૂપ છે. વ્રજભક્તોના પ્રભુ પોતાના પુત્ર-સખા-નાથ વગેરે હોવાના ભાવોનું ભાવન સાધનાની પૂર્વાવસ્થામાં અપેક્ષિત છે. ભાવવર્ધન થતાં આરૂઢદશામાં તે પૈકીનો એક ભાવ પૂર્ણ થઈ જતાં એકાંગી ભજન થવા લાગે છે. આને સમજવા બ્રહ્મજ્ઞાનીની સખંડાદ્વૈત અને અખંડાદ્વૈતની અનુભૂતિઓને સમજવી રહી. બંને શ્રીઆચાર્યચરણના મતે પૂર્ણાનુભૂતિ છે છતાં ય એકમાં બ્રહ્મની સાથે સાથે બ્રહ્મના સર્વ નામ-રૂપોના ખંડ અનુભવાય છે જ્યારે બીજીમાં બ્રહ્મને બાદ કરતાં કોઈ નામરૂપોના ખંડ

નથી અનુભવાતા! આવું જ કાંઈક પૂર્ણભાવનું છે; ''નાહિન રહ્યો મનમેં ઠૌર''. સર્વભાવના સમર્થન માટે ધીરજથી લડતા શૂરવીર શ્રીઆચાર્યજી પૂર્ણભાવની વાત આવતાં જ કેસરિયા કરી જ્ઞાનવાદી પર તૂટી પડવાના રંગમાં આવી જઈ ''હરિરત્ર ન શક્નોતિ કર્તું બાધા'' ને ''બાધશંકાપિ નાસ્ત્યત્ર'' ઉદ્દ્‌ઘોષ કરે છે! ભક્તિની આરૂઢદશાના સમર્થક શૌર્યની આરૂઢદશાને પ્રાપ્ત કરે છે! આવો છે આપશ્રીનો પૂર્ણભાવનો પક્ષપાત! અહીંથી સંન્યાસનિર્ણય અને નિરોધલક્ષણની વાત આરંભાય છે.

આવેશની પ્રક્રિયા રસશાસ્ત્રીય પ્રક્રિયા છે તો નિરોધની પ્રક્રિયા ભગવચ્છાસ્ત્રીય પ્રક્રિયા છે. રસશાસ્ત્રીય પ્રક્રિયામાં અંતઃકરણમાં અનુભવાતો સ્થાયીભાવરૂપ રસ બહિઃકરણોમાં ફેલાઈ સર્વત્ર વ્યાપ્ત થઈ રહે છે. તો ભગવચ્છાસ્ત્રીય પ્રક્રિયામાં બહિઃકરણોથી થતી ભગવદાનુભૂતિ અંતઃકરણને પણ નિરુધ્ધ કરી દે છે— ''ભગવતા સહ સંલાપઃ દર્શનં... ઇંદમેવેન્દ્રિયવતાં ફલમ્.'' રસાવિષ્ટ મન પ્રવાહમાં વહેતી નૌકા જેવું સ્વૈરવિહારી હોય છે, તો નિરુધ્ધ મનનું સુકાન ભગવાન સંભાળે છે. રસાનુભૂતિની ક્રમિક અવસ્થાઓ જાગરણ-તનુતા-વિષયદ્વેષ-લજ્જાત્યાગ-ઉન્માદ-મૂર્છા-મરણ છે તો નિરોધની ક્રમિક અવસ્થાઓ ''નિરોધો યદિ સર્વસ્માત્, સ્વસ્મિન્, સ્વસ્ય ચ તેષુ હિ'' છે. આટલું સમજી હવે ગ્રંથવિષય પર જઈએ.

**ભક્ત્યુત્તર સંન્યાસનું નિરૂપણ**

વિસ્તારભયે અહીં સંન્યાસની બધી શક્યતાઓ બાબતના નિરૂપણને ન આવરતાં કેવળ ભક્ત્યુત્તર સંન્યાસ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. તેને લગતા શ્લોકો નીચે મુજબ છે:

વિરહાનુભવાર્થં તુ પરિત્યાગઃ પ્રશસ્યતે।
સ્વીયબન્ધનિવૃત્ત્યર્થં વેષઃ સોત્ર ન ચાન્યથા॥
કૌણ્ડિન્યો ગોપિકાઃ પ્રોક્તા ગુરવઃ સાધનં ચ તત્।
ભાવો ભાવનયા સિધ્ધઃ સાધનં નાન્યદિષ્યતે॥
વિકલત્વં તથાऽસ્વાસ્થ્યં પ્રકૃતિઃ પ્રાકૃતં ન હિ।
જ્ઞાનં ગુણાશ્ચ તસ્યૈવં વર્તમાનસ્ય બાધકાઃ॥
બહિશ્ચેત્ પ્રકટઃ સ્વાત્મા વહ્નિવત્ પ્રવિશેદ્ યદિ॥
તદૈવ સકલો બન્ધો નાશમેતિ ન ચાન્યથા।
ગુણાસ્તુ સંગરાહિત્યાત્ જીવનાર્થં ભવન્તિ હિ॥
ભગવાન્ ફલરૂપત્વાત્ નાત્ર બાધક ઈષ્યતે।
સ્વાસ્થ્યવાક્યં ન કર્તવ્યં દયાલુર્ન વિરુધ્યતે॥
દુર્લભોऽયં પરિત્યાગઃ પ્રેમ્ણા સિધ્યતિ નાન્યથા।
...અત્રારમ્ભે ન નાશઃ સ્યાદ્ દૃષ્ટાન્તસ્યાપ્યભાવતઃ।
સ્વાસ્થ્યહેતોઃ પરિત્યાગાદ્ બાધઃ કેનાસ્ય સમ્ભવેત્?॥



હરિરત્ર ન શક્નોતિ કર્તું બાધાં કુતોऽપરે।
અન્યથા માતરો બાલાન્ ન સ્તન્યૈઃ પુપુષુઃ ક્વચિત્॥
જ્ઞાનિનામપિ વાક્યેન ન ભક્તં મોહયિષ્યતિ।
આત્મપ્રદઃ પ્રિયશ્ચાપિ કિમર્થં મોહયિષ્યતિ!॥

પહેલાં આ શ્લોકોને સંક્ષેપમાં ટીકાઓને આધારે સમજીએ. અહીં સંન્યાસ પૂર્ણભગવદ્‌ભાવની પક્વદશા=વ્યસનને પ્રાપ્ત કર્યા બાદ લેવાનો અભિપ્રેત છે. તેનું પ્રયોજન વિરહાનુભવાર્થ અને સ્વીયબન્ધનિવૃત્ત્યર્થ એમ સૂચવ્યું છે. સંન્યાસ લઈ શું કરવું તે માટે (૧) આવશ્યક હોય તો વેષધારણ, (૨) ઉપદેષ્ટા તરીકે નહીં તો માર્ગ પ્રકટ કરનાર અને આચરણમાં લાવનાર તરીકે ગુરુપદે શ્રીગોપીજનો અને કૌણ્ડિન્યનું સ્થાપન તથા (૩) તેમના ભાવોની ભાવના કરવારૂપ સાધનમાં પ્રવૃત્તિ ઉપદેશેલ છે. ત્યાર બાદની દશા સમજાવતાં વિકલતા અને અસ્વાસ્થ્યને સ્થાયીરસાનુભૂતિના અનુભાવ તરીકે બિરદાવેલ છે. જેમ દુઃખના આંસુ અને આનન્દાશ્રુ એક નથી હોતા તેમ આ વિકલતા અને અસ્વાસ્થ્ય પ્રાકૃત નથી હોતા. આ દશામાં નિર્બળ અનિષ્ટ=બાધકોની સૂચિ વિલક્ષણ છે— નિરોધાતુર આલંબનવિભાવરૂપ પ્રાકટ્યાતુર હરિ સ્વયં, ભગવદ્‌ગુણો, ભગવદ્‌જ્ઞાન, ભગવત્કૃત મોહ, જ્ઞાનીવાક્યસંગ, સ્વાસ્થ્ય, બંધનાશ, વ્યામોહિકા માયા. તો ઈષ્ટસાધનતાના સબળ સાધક છે— સ્થાયીભાવ પ્રેમ, ભક્તવત્સલ દયાળુ આત્મપ્રદ પ્રિય ફલરૂપ હરિ, વૈષ્ણવી યોગમાયા.

**ફલવિચાર**

સંન્યાસનિર્ણય પર આઠ ટીકાઓ છે. બધા ટીકાકાર શ્રીઆચાર્યચરણની વાણીનું અવગાહન કરી ષોડશગ્રંથો પર ટીકા લખવા માટે પ્રસિધ્ધ છે. ઘણે અંશે તેઓમાં એકમતિ પણ છે. ખાસ કરીને શ્રીભાગવતજી તથા ભવિષ્યોત્તરપુરાણના અનેક સંદર્ભો પરિશ્રમપૂર્વક અહીં તેમણે સંકલિત કરેલ છે. વિસ્તારભયે પ્રત્યેક ટીકાના અંશો અહીં ઉધ્ધૃત નહીં કરું.

ભગવાન જ ફલરૂપ છે એ બાબત કોઈ મતભેદ નથી. રસાત્મક ભગવદનુભૂતિને પરમફલ માનવામાં બધા ટીકાકારો એકમત છે. પૂર્ણરસાનુભૂતિ કે બીજા શબ્દોમાં રસાનુભૂતિની પરાકાષ્ઠા શું એ નક્કી કરવા જો કે તેઓ પ્રાયઃ રસશાસ્ત્રનો આધાર લે છે. રસશાસ્ત્રને અનુસરતાં વિચાર કરનારા શૃંગારરસને સર્વોત્તમ માને છે અને તેના બે દલ સંયોગ અને વિપ્રયોગનો પરિપૂર્ણ અનુભવ થાય તેને પરાકાષ્ઠા માને છે. બધા ટીકાકારો એ વાતે સહમત છે કે ઘરમાં તનુવિત્તજા સેવાકર્તાને સંયોગનો પરિપૂર્ણ અનુભવ થઈ વ્યસન થઈ જતાં અનવસરમાં વિરહ થવા મંડે તે પછી તે સંન્યાસનિર્ણયોક્ત ભક્ત્યુત્તર સંન્યાસનો ઉપદેશનો અધિકારી બને છે. આવો સંન્યાસ લઈ તેઓ વિપ્રયોગનો પરિપૂર્ણ અનુભવ લઈ રસશાસ્ત્રોક્ત

પરાકાષ્ઠાપન્ન દશમાવસ્થા મરણને વિના વિલંબે પ્રાપ્ત કરી લીલાસૃષ્ટિમાં પ્રવેશ કરે છે. લીલાસૃષ્ટિમાં તો સંયોગ-વિપ્રયોગ ઉભયભાવાત્મક ભગવદાનન્દાનુભવ નિરંતર થતો રહે છે જે ત્યાં પરમફલ છે. ભૂતલ પર પરમફલ દશમાવસ્થાની પ્રાપ્તિ તેઓ માને છે.

શ્રીપુરુષોત્તમજી આ ફલાનુભવની પ્રક્રિયાને સમજાવતાં વિરહના ત્રણ તબક્કાને અનુરૂપ 'વિરહાનુભવાર્થ'પદના ત્રણ યૌગિકાર્થ સૂચવે છે: વિરહના અનુભવાર્થ, વિરહસામયિક અનુભવાર્થ અને વિરહોત્તરભાવિ અનુભવાર્થ. વિરહસામયિક અનુભવમાં આસક્તિભ્રમન્યાયે ભગવત્સન્નિધિમાં થતી ચેષ્ટાઓ રૂપ વિકલતા તથા અસ્વાસ્થ્યને ગણાવેલ છે. વિરહોત્તરભાવિ અનુભવમાં તેમના મતે બહિઃસાક્ષાત્કાર તો અન્યોના મતે દશમાવસ્થા છે. આ પરાકાષ્ઠાની અનુભૂતિ ચિરકાલીન ન હોઈને થોડી ક્ષણો પૂરતી મર્યાદિત જ હોવાની. પણ તો ય ટીકાકારોને મતે તે ક્ષણો પર અનેક જન્મો ન્યોછાવર છે.

આ રસશાસ્ત્રને અનુરૂપ ઈષ્ટસાધક પ્રક્રિયામાં કેટલેક અંશે "યેન ત્યજસિ તત્ ત્યજ"નો જ્ઞાનમાર્ગસદશ કાર્યક્રમ જણાય છે; સ્વેચ્છયા નહીં તો રસપરવશતાથી. તે એ રીતે કે અગ્રિમાનુભૂતિમાં બાધ કરી શકે તેવી પૂર્વાનુભૂતિ સમયની કારણસામગ્રી અહીં છૂટતી જાય છે. વિભાવાનુભાવસંચારીભાવોથી નિષ્પન્ન થયા બાદ સ્થાયીભાવરૂપ રસની અનુભૂતિમાં વિભાવાદિ પાછા આવે તો સ્વાસ્થ્ય આવે છે, જે વિરહની ઉત્કટતા હરી લે. તેથી શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે તેમ "સ્વાસ્થ્યહેતોઃ પરિત્યાગાત્ બાધઃ કેનાસ્ય સમ્ભવેત્". તો જે ભગવલ્લીલા ને ભગવદ્‌ગુણો ય સ્થાયીભાવની નિષ્પત્તિમાં કારણભૂત થયેલ તે "એવં વર્તમાનસ્ય બાધકાઃ" થઈ જાય છે! આમાં વચ્ચે ભગવાન પ્રકટ થઈ જાય તો તેઓ પણ બાધક જ સિધ્ધ થાય!

આ મારા મતે જો કે એક પ્રક્રિયા છે, એકમાત્ર નહીં. કોઈક જીવોનું વરણ જ તે પ્રકારનું પ્રભુ કરે કે વિરહમાં દશમાવસ્થા પ્રાપ્ત કરી સદ્યોમુક્તિ પ્રાપ્ત કરી તેઓનો લીલાપ્રવેશ કરાવે. વળી આ પ્રક્રિયા પર સર્વાત્મભાવવાળાનો ઈજારો ન રહી શકે. એક ટીકાકારના મતે અન્તર્ગૃહગતા ગોપીજનોને ય દશમાવસ્થાનુભૂતિપૂર્વક સદ્યોમુક્તિ પ્રાપ્ત થયેલ.

આ પ્રક્રિયા શ્રીઆચાર્યચરણના ઉપદેશના મુખ્ય પ્રવાહને અનુરૂપ પણ નથી જ. કેમકે તેમાં ભગવન્માહાત્મ્ય ગૌણ બની રસશાસ્ત્રનું માહાત્મ્ય ઉભરે છે. ભગવાન ક્યારેક રસશાસ્ત્રને અનુસરી અનુભવ કરાવે પણ તેનો અર્થ એવો નહીં કે તેમ કરવા તેઓ બંધાયેલ છે. આ માટે સંક્ષેપમાં નિરોધની પ્રક્રિયા સમજવી રહી.

નિરોધની પ્રક્રિયામાં ભગવાન નાયક બની લીલા કરતા રહી ચાહે તે દિશામાં ભક્તને દોરે છે. દશમસ્કન્ધસુબોધિનીજી તથા નિરોધલક્ષણમાં



આ પ્રક્રિયા પ્રત્યેનો શ્રીઆચાર્યચરણનો પક્ષપાત સ્પષ્ટ જણાય છે. ક્યાં તો આ સંન્યાસનિર્ણયના ઉપક્રમોપસંહારમાં સ્વાર્થભ્રંશ અને પશ્ચાત્તાપની નિવૃત્તિ માટેના ઉદ્યમનો ઘોષ અને ક્યાં "નાતઃ પરતરો મન્ત્રો નાતઃ પરતરઃ સ્તવઃ નાતઃ પરતરા વિદ્યા તીર્થં નાતઃ પરાત્પરમ્"નો નિરોધનો જયઘોષ! શ્રીગોપીગીતસુબોધિનીજીમાં શ્રીઆચાર્યજી આજ્ઞા કરે છે કે પ્રભુ તો મધુરાધિપતિ રસપિંડ છે, રસ કરતાં ચડિયાતા. શ્રીગુસાંઈજી પણ "એતાસાં તુ અધુનૈવ બહિઃપ્રાકટ્યમભિલષિતં, તદૈવ ઈશ્વરવાદો અન્યથા શૂન્યવાદઃ" આજ્ઞા કરી ભગવત્પક્ષપાત પ્રકટ કરે છે.

શ્રીમહાપ્રભુજીના દિલોદિમાગ પર ભગવલ્લીલા એટલી છવાયેલ છે કે ઉપરોક્ત વિરહાનુભૂતિની પ્રક્રિયામાં બાધકોની સૂચિ બનાવતાં સૌપ્રથમ આપશ્રીને તામસસાધનપ્રકરણના લીલાકર્તા પ્રભુ દેખાય છે. વ્રજભક્તો જે સાધન કરવા જાય તેમાં પ્રભુ વિઘ્ન કરે— કુમારિકાઓનું કાત્યાયનીવ્રત, વિપ્રોનું યજ્ઞકર્મ, શ્રીનન્દરાયજીની અમ્બિકાવનયાત્રા, ઈન્દ્રયાગાદિ. દરેક સાધન ને અસાધન કરે તેવા અદ્‌ભુતકર્મા નટખટ પ્રભુ ભક્તને શાંતિથી વિરહાનુભૂતિ કરવા દે ખરા? પણ ટીકાકારોના મતે તેવા ભક્તનું પરોક્ષભજનાનંદદાનાર્થ પ્રભુએ વરણ કરેલ હોય તો બાધા ન કરતાં પોતે તેમના ઋણી છે એમ માની ન છંછેડતા ઉત્કટ વિરહ થવા દે છે. આમાં ભક્તવત્સલ પ્રભુની મહાનતા છે, રસશાસ્ત્રની નહીં. એ વચન ચોક્કસ શ્રીઆચાર્યચરણનું જ છે કે "કૃષ્ણાધીના તુ મર્યાદા સ્વાધીના પુષ્ટિરુચ્યતે", પણ તેમાં ભગવાનને કેટલી મજા આવે? તેમની દયાલુતા ને વત્સલતા કે ઋણિતા કે મહાનતા પ્રકટ થાય પણ પ્રત્યક્ષરમણનું શું? જો ભગવાનને મજા આવતી હોય તો કૃષ્ણાધીન થવાની મર્યાદાને ગ્રહણ કરવામાં શું વાંધાજનક હોઈ શકે?

તેથી મારા મતે આ વિરહાનુભૂતિને પરમફલ માનવી પર્યાપ્ત છે; તેને એકમાત્ર પરમફલ કહેવી વધારે પડતું છે. દશમાવસ્થાનો જ આગ્રહ રાખવો અતિરેક છે. પૂર્ણાનુભૂતિ = રસના દ્વિદલની અનુભૂતિ એ સમીકરણ લૌકિક રસાનુભૂતિ પૂરતું બંધબેસતું હોઈ શકે પણ ભગવદનુભૂતિ તેને ન ય અનુસરે. ભક્તિ સ્થાયિભાવાપન્ન સુદઢ સર્વતોધિક થઈ ગઈ પછી સંયોગ કે વિપ્રયોગ બધું પરાકાષ્ઠાપન્ન = પૂર્ણ હોઈ શકે. નિરોધ સિધ્ધ થવો પરાકાષ્ઠા છે, વિરહ થકી કે ભગવલ્લીલા થકી. ભગવાનને જીવનું "યેન ત્યજસિ તત્ ત્યજ" કે "યેન ગૃહીતઃ તં ગ્રહ" પૈકી એકવિધ વરણ કરવાનું સ્વાતન્ત્ર્ય આપવું રહ્યું.

રહી વાત પ્રભુની દયાલુતા ને ભક્તવત્સલતાની. તો સમજવાનું કે વરણના આધારે તેનો નિર્ણય કરવો રહ્યો. આવેશની પ્રક્રિયામાં વરણ કરાયેલ જીવ પ્રતિ પ્રકટ ન થઈ વિરહને ઉત્કટ થવા દેવામાં પ્રભુની દયાલુતા છે તો નિરુધ્ધ જીવ પ્રતિ ક્લેશ નિવૃત્ત કરે તે ય દયાલુતા

જ છે. તેમાં ય બે પ્રક્રિયા છે; ગુણકૃત અને સ્વરૂપકૃત. ''ગુણેષ્વાવિષ્ટચિત્તાનાં સર્વદા મુરવૈરિણઃ સંસારવિરહક્લેશૌ ન સ્યાતાં હરિવત્ સુખં તદા ભવેત્ દયાલુત્વં અન્યથા ક્રૂરતા મતા!'' તથા ''ક્લિશ્યમાનાન્ જનાન્ દૃષ્ટ્વા કૃપાયુક્તો યદા ભવેત્ તદા સર્વં સદાનન્દં હૃદિસ્થં નિર્ગતં બહિ!'' આ નિરોધલક્ષણના શ્લોકો અનુક્રમે તેવી નિરુધ્ધ જીવ પ્રતિની દયાલુતાનો ઘોષ કરે છે. તેને ''સર્વાનન્દમયસ્યાપિ કૃપાનન્દઃ સુદુર્લભઃ'' કહી શ્રીઆચાર્યજી બિરદાવે છે. તેથી ''યદ્ વૈ તત્ સુકૃતમ્''; ભગવાન ભક્ત સાથે જે કરે તે ઉચિત છે, પરોક્ષભજન પણ પ્રત્યક્ષરક્ષા પણ ને પરીક્ષા પણ. વળી ભક્ત પણ ભગવાન સાથે જે કૃતિ કરે તે ઉચિત છે, પ્રત્યક્ષભજન પણ અને પરોક્ષમાં વિરહ પણ; ''મદ્ભક્તિયુક્તો ભુવનં પુનાતિ''.

**ચરિત્રસંગતિ**

શ્રીઆચાર્યચરણે સંન્યાસ લીધો તેને અહીં સાંકળવાનો એકમાત્ર શ્રીપુરુષોત્તમજીએ યત્ન કરેલ છે. જોકે તે ય ભગવદાજ્ઞા થયા પશ્ચાત્! આના સમર્થનમાં તેઓ અંતઃકરણપ્રબોધના શ્લોકો ઉધ્ધૃત કરે છે. જો કે મને તેના કરતાં નિરોધલક્ષણનો ''અહં નિરુધ્ધો રોધેન નિરોધપદવીં ગતઃ'' શ્લોક વધારે બંધબેસતો લાગે છે શ્રીઆચાર્યજીની કૃતિ સમજવા. આપશ્રીનું જીવનચરિત્ર ભગવદાજ્ઞાથી દોરાતું જ પ્રતીત થાય છે. ગૃહસ્થાશ્રમનો સ્વીકાર, બ્રહ્મસંબંધદીક્ષાનું પ્રવર્તન, તૃતીયસ્કન્ધ પછી દશમસ્કન્ધસુબોધિનીજીનું લેખન, એકાદશસ્કન્ધમાં અધવચ્ચે જ લેખનત્યાગ, વગેરે પ્રસંગોમાં નિરોધ સ્પષ્ટ પ્રતીત થાય છે. તેથી દેહદેશપરિત્યાગ થકી ભગવદાજ્ઞાનું અનુસરણ અભિપ્રેત લાગે છે; દશમાવસ્થાની અનુભૂતિ લક્ષ્ય નથી લાગતી. તેમાં વચ્ચે સંન્યાસરીતિનું ગ્રહણ કદાચ ભગવદાજ્ઞાનો જ એક ભાગ હોઈ શકે અથવા આસુરવ્યામોહાર્થ વર્ણાશ્રમધર્માનુરૂપ કૃતિ હોઈ શકે.

આ તબક્કે એક વાત એ ય સમજવી રહી કે આવેશની અને નિરોધની બે પ્રક્રિયાઓમાં કોઈ સહાવસ્થાનાસહિષ્ણુતા નથી. જેને પ્રાધાન્યેન વ્યપદેશ ન્યાયે નિરોધની પ્રક્રિયા કહેવાય તેમાં ય વચ્ચે રસાવેશની પ્રક્રિયાને અનુરૂપ ઉત્કટ રસાનુભૂતિ થઈ જ શકે છે. જેમ શ્રીઆચાર્યજી નિરોધપ્રક્રિયાથી દોરાતા હોવા છતાં આપે ''હરિ તેરી લીલાકી સુધિ આવે'' કીર્તનની એક કડી સાંભળતા જ ત્રણ દિવસ સુધી મૂર્છાવસ્થાને ધારણ કરી. શ્રીઉધ્ધવજી પણ અહર્નિશ ભગવત્સંગી હોવાથી તેમને કોઈ કમી નહોતી અનુભવાતી પોતાની ભક્તિમાં; પણ જ્યારે ભગવાને તેમને વ્રજમાં મોકલ્યા ત્યારે વ્રજભક્તોનો સંગ પામી તેમને રસાવેશનો અલ્પકાલિક અનુભવ થયો. આવી જ રીતે અન્ય પુષ્ટિજીવોને ય સંયોગમાં વચ્ચે વિયોગ કે રસાવેશ થતો રહે તેવું સહજ સંભવ છે. આ રીતે બન્ને પ્રક્રિયાનું સંતુલન જાળવી શકાય છે.



**વાર્તાસંગતિ**

સંન્યાસનિર્ણય જેમને માટે શ્રીઆચાર્યચરણે રચ્યો તે નરહર સંન્યાસીએ તો સંન્યાસ પહેલેથી જ જ્ઞાનમાર્ગીય પ્રક્રિયાથી લઈ લીધો હતો. તેમને કૃપા કરી ભક્તિમાર્ગમાં દીક્ષિત કરી ભક્તિનું દાન કરી ભક્ત્યુત્તર સંન્યાસનો ઉપદેશ આપી તે માર્ગે અગ્રેસર કર્યા. જીયદાસ સૂરી ક્ષત્રી એક જ દિવસની ગૃહસેવા પહોંચી અનવસરમાં ઉત્કટ વિરહ થતાં સંન્યાસ લેવા રોકાયા વિના જ દશમાવસ્થાને પ્રાપ્ત થયા. તે સિવાય અચ્યુતદાસ ગૌડ, ગુસાંઈદાસ સારસ્વત, બાબા વેનુ-કૃષ્ણદાસ ઘઘરી ક્ષત્રી આદિની વાર્તામાં તેઓએ સેવામય જીવન વ્યતીત કર્યા બાદ ગૃહત્યાગ કરી વિરહાતુર થઈ ભ્રમણ કરતા દેહત્યાગ કર્યો તેવું ચરિત્ર વર્ણવેલ છે. આવું જ રાજા આશકરણદાસજી, નાગરીદાસજી આદિ ભક્તોના ચરિત્રમાં છે. તેઓ રાજપાટ ઘરબાર છોડી વ્રજમાં ભ્રમણસ્થાયી થયા. નારાયણદાસ કાયસ્થ તેમના ખવાસના ઘડી ઘડીએ પૂછવા પર રસાવિષ્ટ થઈ કામકાજ ભેગા ભેગા જનમભર તદાશ્રય-તદીયત્વબુધ્ધિપૂર્વક કિંચિત્ ભક્તિનું સમ્યગાચરણ કરી લેતા.

તો સેઠ પુરુષોત્તમદાસના બેટા ગોપાલદાસ તથા નરોડાના ગોપાલદાસ ક્ષત્રીની વિરહવ્યાકુલતા પ્રભુ હુંકારી ભરી કે પ્રકટ દર્શન આપી અથવા પાસે પધારી ઝારીમાંથી જલપાન કરાવી આવા વિવિધ સાનુભાવ જતાવી દૂર કરતા. આનન્દદાસ વાર્તા કહેતા તેમાં પ્રભુ હુંકારી ભરતા, આ નિરોધની પ્રક્રિયામાં પ્રકટ થતી દયાલુતા ને ભક્તવત્સલતા છે પ્રભુની.

**ઈતિહાસસંગતિ તથા આધુનિક પરિસ્થિતિ**

એક નોંધપાત્ર વાત એ છે કે શ્રીવલ્લભકુલના કોઈ પરવર્તી બાલકે સંન્યાસ લઈ ગૃહત્યાગ કરી પોતાના સેવકો તેમને અનુસરે તેવો પંથ ચલાવેલ નથી. આ પ્રક્રિયા ચૈતન્યાદિ સંપ્રદાયમાં તથા સૂફીઓમાં દેખાય છે પણ તેનો ચેપ આપણા સંપ્રદાયમાં ફેલાયેલ નથી. એટલું જરૂર છે કે વૈયક્તિક સ્તરે વૃધ્ધાવસ્થામાં પારિવારિક સહયોગના અભાવમાં ઘણા ગૃહસેવાપરાયણ પુષ્ટિપથિકો ગૃહત્યાગ કરી વ્રજ કે શ્રીનાથદ્વારાદિ કે શ્રીમહાપ્રભુજીની બેઠકસ્થલીઓમાં નિવાસ કરી યથાશક્ય ગુણગાનાદિપરાયણ થઈ ભક્તિમય જીવન જીવે છે. પણ તેવો કોઈ સામૂહિક ફાંટો નથી નિકળી પડ્યો. આનું શ્રેય સંન્યાસનિર્ણયકાર, આઠ ટીકાકાર તથા પરવર્તી તેમ જ આધુનિક આચાર્યો અને અનુયાયીઓની સૂઝસમજને આપવું રહ્યું.

સંન્યાસની પ્રક્રિયાનું એક સારું પાસું છે સ્વીયબન્ધનિવૃત્તિ અર્થાત્ પારિવારિક જંજાળથી અલિપ્ત રહી સાધના કરી શકાય તેવી સગવડ.

જ્ઞાનમાર્ગીય સંન્યાસમાં કુટીચક, બહૂદક, હંસ અને પરમહંસ એમ ચાર વિકલ્પો છે સંન્યાસગ્રહણના. તેમાંના પહેલા કુટીચક સંન્યાસમાં ગૃહત્યાગ કરી ઘરની પાસે જ એક કુટી બનાવી સંન્યાસી તેમાં જ જીવનભર રહી શક્ય તેટલો અલિપ્ત રહી સાધનાપરાયણ થઈ શકે છે; ભ્રમણ તેને ફરજિયાત નથી. આને સમાંતર આપણે ત્યાં મરજાદ લેવાની પ્રક્રિયા શ્રીમહાપ્રભુજીના સેવકોમાં અલ્પાંશે તો શ્રીગોકુલનાથજીના સમયથી જોરશોરથી અસ્તિત્વમાં આવેલ, જે આજે ય ખાસ કરીને સૌરાષ્ટ્રમાં છૂટીછવાઈ નજરે ચઢે છે. તેમાં પોતાની મરજાદની વાડ કે દાયરામાં રહી સાધક પારિવારિક જંજાળથી શક્ય તેટલો અલિપ્ત રહી ગૃહસેવાપરાયણ રહે છે. આવી સેવાપરાયણ સાધકની પ્રકૃતિમાં અસાવધાનતાવશાત્ ક્રોધ, અહંકાર, સંગદ્વેષ, મરજાદનો અત્યાગ્રહ આદિ વિકૃતિઓ દેખાય છે. તેને કારણે પરિવારજનો સેવાવિમુખ થતા અને સંપ્રદાય વગોવાતો પણ જણાય છે. આ વિકૃતિઓ પનપવા ન દેવાય તો મરજાદ ભક્તિમાં સહાયક થઈ શકે છે.

તે સિવાય છેલ્લા પંચોતેરેક વર્ષોથી ખાસ કરીને શ્રીહરિરાયજીના વિપ્રયોગપરમફલવાદના આધારે એક પંથ પ્રકટ થવાના આરે છે, જેમાં સેવા ન કરતાં બેઠા બેઠા પલાંઠી મારી સમાનશીલવ્યસનવાળા પથિકો સત્સંગ કરતાં કરતાં રડારોળ કરી વિરહ કરવા મંડે છે! ગદ્‌ગદ થઈ પોક મૂકી આંસુ સારે છે કે ભગવાન મથુરા પધારી ગયા! વધુ વિરહ = વધુ વિકલતાના સમીકરણને બદલે વધુ વિકલતા = વધુ વિરહનું સમીકરણ તેમના મગજમાં ઠસી ગયેલ હોય છે. તેને નિવૃત્ત કરવા સેવા કરવાનું કહીએ તો ભાવ ઠંડો પડી જવાનો ભય તેમને સતાવે છે! તેથી નિત્યનિયમથી કે છાશવારે ખાસ કરીને રાત્રે આવી ભવાઈ ભજવતા રહે છે. તેમાં પહેલી સિધ્ધિ સદ્‌બુધ્ધિના વિરહની જ પ્રાપ્ત થાય છે. તો ય કહેવાતા અગ્રગણ્યો પણ ખાસ કરીને પરમ ભગવદીયની પ્રસિધ્ધિ મેળવવાની લાલચે વિરહવમળમાં પોતે ઊંડે ઉતરતા જાય છે અને બીજાને ભેગા ભેગા ખેંચતા ચાલ્યા જાય છે. શ્રીહરિરાયજીને આ પ્રક્રિયા અભિપ્રેત હોય તેમ નથી લાગતું છતાં ય આજની તારીખમાં આ પંથ કેટલેક અંશે લોકપ્રિય છે તે હકીકત છે. જો કે કોઈએ તેમાં શીઘ્ર દશમાવસ્થા પ્રાપ્ત કરી હોય તેવું સાંભળ્યું નથી હજુ સુધી! સ્વાર્થભ્રંશ અનુભવી પશ્ચાત્તાપ કરનારા અનેક દેખાય છે! ઉપાસનાદિમાર્ગાતિમુગ્ધમોહનિવારક શ્રીઆચાર્યજી તેઓને સદ્‌બુધ્ધિ આપે!

❋ ❋ ❋